# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-02-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PATIDAR CASEs WITHDRAW

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં પાટીદાર આંદોલનના રાજદ્રોહ સહિતના ગંભીર કેસ પરત ખેંચ્યા છે. ગાંધીનગરના દુર્ગેશ મહેતા જણાવે છે કે, પાટીદાર અનામત આંદોલનમાં હાર્દિક પટેલ, દિનેશ બાંભણિયા, અલ્પેશ કથીરિયા અને ચિરાગ પટેલ સામે ગંભીર કેસ નોંધાયા હતા. આ તમામ પોલીસ કેસ હવે પરત લેવાયા છે. ઉલ્લેખનીય છે કે, પાટીદાર આંદોલન બાબતે અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, અમરેલી, અને સુરતમાં અલગ અલગ 14 પોલીસ કેસ નોંધાયા હતા.

. . . . . . . . . . . . .

# GIRSOMANTH COLLECTOR ACTION

ગીર સોમનાથ જિલ્લાનાં કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ ગેરકાયદે રીતે રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરના ડીવાઈડર તોડનારા પેટ્રોલપંપ સંચાલક વિરૂદ્ધ કડક કાર્યવાહી કરી છે. થોડા દિવસ પહેલા થયેલા અકસ્માતની તપાસમાં ઘટનાસ્થળે ડીવાઈડર તોડવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું. ત્યારે જિલ્લા કલેકટરે કડક કાર્યવાહી કરતાં ઉના પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. વધુમાં, જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠકમાં ગંભીર અકસ્માત થતાં અટકાવવા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરના અનધિકૃત રીતે તોડવામાં આવેલા ડીવાઈડરનો સરવે હાથ ધરવામાં આવ્યો. જિલ્લા કલેક્ટરે જણાવ્યું કે ભવિષ્યમાં કોઈ પણ વ્યક્તિ દ્વારા ગેરકાયદે રીતે ડીવાઈડરને તોડવામાં કે નુકસાન કરાશે તો તેના વિરૂદ્ધ કડક કાર્યવાહી કરાશે.

. . . . . . . . . . . . .

# JAMNAGAR IT RAID

રાજ્યના આવકવેરા વિભાગે જામનગરના જાણીતા મીઠાના ઉત્પાદક દેવ સૉલ્ટ પર દરોડા પાડ્યા હતા. જામનગરના અમારા પ્રતિનિધિ જગત રાવલ જણાવે છે કે, આવકવેરા વિભાગ દ્વારા જામનગર, અમદાવાદ અને માળિયામાં તપાસ ચાલી રહી છે. દરમિયાન જામનગર-દ્વારકા રાજમાર્ગ પર આવેલા હરિ નામના ફૂડ મૉલમાં તપાસ હાથ ધરાઈ છે. આવકવેરા વિભાગે કુલ 16 જગ્યા પર દરોડા પાડ્યા હોવાનું જણાયું છે.

. . . . . . . . . . . . .

# JAMNAGAR PAKSHI ABHYARANYA

જામનગર નજીક આવેલા ખીજડિયા પક્ષી અભયારણ્યમાં 50થી વધુ પક્ષીવિદ્ અને વનવિભાગના કર્મચારીઓ દ્વારા પક્ષી ગણતરી કરવામાં આવી. રામસર સાઈટ તરીકે જાહેર થયેલા અભયારણ્યમાં આ શિયાળામાં યાયાવર પક્ષીઓ મહેમાન બન્યા છે. ગણતરી બાદ વનવિભાગ દ્વારા પક્ષીઓની સંખ્યા અને તેની પ્રજાતિ જાહેર કરાશે. આ અંગે પ્રાદેશિક વન અધિકારી દક્ષા વઘાસિયાએ માહિતી આપી હતી.

(બાઈટઃ દક્ષા વઘાસિયા, પ્રાદેશિક વન અધિકારી, જામનગર)

. . . . . . . . . . . . .

# BHAVNAGAR KHEL MAHAKUMBH

ભાવનગરમાં ખેલ મહાકુંભના ત્રીજા તબક્કા અંતર્ગત યોજાયેલી જિલ્લાકક્ષાની કુસ્તી સ્પર્ધામાં ટીમાણા ગામની ગણેશ શાળાના બાળકો અગ્રેસર રહ્યા છે. અંડર 14 સ્પર્ધામાં આશિષ ચાવડા, કાર્તિક નાદવાએ પોતાના વજન સમૂહમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો. જ્યારે અન્ય 2 બાળકોએ બીજો અને અન્ય બાળકે ત્રીજો ક્રમાંક મેળવ્યો છે.

. . . . . . . . . . . . .

# ARAVALLI HELP LINE

અરવલ્લી જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી ગંદકી દૂર કરવા જિલ્લા પંચાયત દ્વારા હેલ્પલાઈન નંબર શરૂ કરાયો છે. ક્યાંય પણ ગંદકી જોવા મળે તો વ્હોટ્સએપ નંબર 82 38 33 15 15 ઉપર ફોટો મોકલી શકાશે. આ અંગે અરવલ્લી જિલ્લા વિકાસ અધિકારી દીપેશ કેડિયાએ માહિતી આપી.

(બાઈટ : દીપેશ કેડિયા, DDO, અરવલ્લી )

. . . . . . . . . . . . .

# PACS YOJNA

પ્રાથમિક ખેતી વિષયક ધિરાણ સહકારી મંડળીઓ એટલે કે, પેક્સ કમ્પ્યુટરાઈઝેશન યોજના હેઠળ પ્રથમ તબક્કામાં રાજ્યની 5 હજાર 754 પેક્સમાં કમ્પ્યુટરાઈઝેશનની પ્રક્રિયા ચાલી રહી છે, જે ટૂંક સમયમાં પૂર્ણ થશે. ઉપરાંત આગામી સમયમાં રાજ્યની તમામ પેક્સને સંપૂર્ણપણે કમ્પ્યુટરાઇઝ કરાશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

ઉલ્લેખનીય છે કે, આ પહેલ પેક્સને રાજ્ય સહકારી બેન્કો-StCBs અને જિલ્લા કેન્દ્રીય સહકારી બેન્કો DCCBના માધ્યમથી રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બેન્ક નાબાર્ડ સાથે જોડે છે. સાથે જ ટૂંક સમયમાં 2 હજાર 900થી વધુ પેક્સ ટૂંક સમયમાં લાઈવ થશે.

. . . . . . . . . . . . .

# CHOTAUDEPUR-DANG POSHAN UTSAV

છોટાઉદેપુર જિલ્લાના પાવીજેતપુર ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ મલકા પટેલની અધ્યક્ષતામાં પોષણ ઉત્સવ અને કિશોરી મેળો યોજાયો. કાર્યક્રમમાં આંગણવાડી કાર્યકર દ્વારા આંગણવાડીની તમામ યોજનાઓ અંગે માહિતી આપવામાં આવી. ઉપરાંત તેઓએ ટેકહોમ રાશન, મિલેટ્સ એટલે કે શ્રીઅન્નથી તૈયાર કરેલી વાનગીઓનું નિદર્શન કર્યું.

દરમિયાન, ડાંગ જિલ્લાના આહવાની સરકારી વાણિજ્ય મહાવિદ્યાલય ખાતે પોષણ વિષય પર જાગૃતિ કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે આયર્ન, વિટામિન અને કેલ્શિયમની ઉણપથી થતા વિવિધ રોગ અંગે 250 વિદ્યાર્થી અને અધ્યાપકને સમજ અપાઈ.

. . . . . . . . . . . . .

# "ITRA" NEW DIRECTOR-JAMNAGAR

જામનગરની આયુર્વેદ શિક્ષણ અને સંશોધન સંસ્થા -ઇટ્રાનાં નવા નિદેશક તરીકે ડૉક્ટર તનુજા નેસરીની નિયુક્તિ થઈ છે. તેઓ હાલ આયૂષ મંત્રાલયના હેલ્થ સેક્ટર સબ-સ્કિલ કાઉન્સિલનાં અધ્યક્ષ તરીકે પણ નિયુક્ત થયાં છે. તેઓ દેશની અનેક વિશ્વવિદ્યાલયો અને સંસ્થા શૈક્ષણિક બોર્ડનાં સભ્ય તરીકે સેવા આપી રહ્યાં છે. તેમણે વર્ષ 2005નો આયુર્વેદનાં શ્રેષ્ઠ શિક્ષક તરીકે સૌથી પ્રતિષ્ઠિત પુરસ્કાર પણ મળ્યો છે

. . . . . . . . . . . . .

# MEHSANA FARIYAD NIVARAN

મહેસાણામાં જિલ્લાકક્ષાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ આગામી 27 ફેબ્રુઆરીએ યોજાશે. લોકોએ 10 ફેબ્રુઆરી સુધીમાં પોતાના પ્રશ્નો કલેક્ટર કચેરીએ મોકલવાના રહેશે. મહેસાણાના અમારા પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે કે, કર્મચારીઓની નોકરી બાબતના પ્રશ્નો, અદાલતના કેસ, ન્યાયિક કે અર્ધ-ન્યાયિક કેસ ચાલુ હોય તેવા પ્રશ્નો તેમજ અગાઉ રજૂ કરાયેલા પ્રશ્નો ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં રજૂ નહીં કરી શકાય.

. . . . . . . . . . . . .